ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી


રિમ્પલ વિરલ સુરતી
મો. ૮૪૬૦૩ ૪૯૪૦૨


જયવલ વિરલ સુરતી
મો. ૯૩૭૪૬ ૧૨૨૪૪


વિદ્યા રમણજી ઠાકોર
મો. ૯૯૨૪૭ ૮૩૩૪૨


અર્ણવ કવિ
મો. ૯૬૨૪૯ ૪૪૮૨૦


હીર યોગેશકુમાર પટેલ
મો. ૯૪૨૭૪ ૦૯૨૯૩


જ્વલ ડી વાણીયા
મો. ૯૮૨૫૬ ૩૨૮૩૮


# સર્વ નેતૃત્ત્વ ટીમ દ્વારા ખાદ્યાન્ન અધિકાર અંગે જાગૃતિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૯
કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ચાલતા સર્વ નેતૃત્વ ટીમ દ્વારા “RIGHT TO FOOD” વિશે જાગરૂકતા અભિયાન કાર્યક્રમનું આયોજન કડી કેમ્પસની, સે-૨૩ સ્થિત લોદરિયા ગર્લ્સ હોસ્ટેલ ખાતે કરવામાં આવ્યું હતું જેનો મૂખ્ય ઉદેશ્ય અન્નનો બગાડ ના થાય (ZERO WASTE ) અને ભોજનથી વંચિત રહેતા વ્યક્તિઓ સુધી ભોજન પહોંચે તે હતો.

આ અનોખા કાર્યક્રમમાં એલ.ડી.આર.પી.ના મેકેનીકલ વિભાગમાં અભ્યાસ કરતા મનન પટેલ દ્વારા વિવિધ કોલેજમાં અભ્યાસ કરતી ૭૦૦ બહેનોને સ્લાઈડ અને વીડિઓ પ્રેજન્ટેશન થકી, ભોજન થાળી સુધી પહોંચે છે, તે માટે થયેલ તમામ શ્રમનું મહત્વ સમજાવ્યું હતું અને અન્નનો બગાડ અટકાવવા માટે શું શું કરી શકાય અને કેવી રીતે કરી શકાય તેની માહિતી પૂરી પાડી હતી. સાથે સાથે જણાવ્યું કે જયારે જયારે આપણે ખોરાક બગાડીએ છીએ ત્યારે કોઈનો કોળીયો ઝુંટવાઈ જાય છે, જેનો આપણને કોઈ અધિકાર નથી. હાજર તમામ વિદ્યાર્થીનીઓને પોતે અન્નનો બગાડ નહિ કરે અને પોતાના મિત્રોને, સગા-સંબધીઓને અને આસપાસના તમામ લોકોને સમજાવશે તેવી પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી અને માનવસમાજના કલ્યાણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. હોસ્ટેલના સુપ્રિટેન્ડેન્ટ કૌશલ્યાબેનના જણાવ્યા અનુસાર, આગાઉ ૧૫ કિલો જેટલો બગાડ થતો હતો તે હવે, “RIGHT TO FOOD” જાગૃકતા અભિયાન પછી, વિદ્યાર્થીનીઓના હકારાત્મક અભિગમથી નહીંવત થવા પામ્યો છે. કાર્યક્રમનું સફળ આયોજન ગર્લ્સ હોસ્ટેલનાં સુપ્રિટેન્ડેન્ટ કૌશલ્યાબેન, ગૃહમાતા લતાબેન અને રંજનબેન દ્વારા કરવામાં આવ્યું હતું જયારે સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન મનન પટેલ, કિશન મોદી અને એ. એ. પટેલ કોમર્સ કોલેજની સર્વ નેતૃત્વ ટીમની વિદ્યાર્થીનીઓ દ્વારા કરાયું હતું.

### એસ. જી. પ્રાથમિક શાળા દ્વારા
# ગૃપ પેઈંટિંગ સ્પર્ધા અને સાઈની મુલાકાતનો કાર્યક્રમ યોજાયો



## ધો. ૧,૩,૪ના વિદ્યાર્થીઓ માટે પેઈન્ટિંગ સ્પર્ધા અને ધો. ૨ના વિદ્યાર્થીઓને સાઈની મુલાકાતે લઈ જવાયા

ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળામાં તા. ૯-૧૨-૧૬ ને શુક્રવારના રોજ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિકાસ થાય તે હેતુથી ધો-૧, ૩, ૪ ના વિદ્યાર્થીઓ માટે ગ્રુપ પેઈંટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સ્વચ્છતા, બેટી બચાવો, પર્યાવરણ બચાવો, રોડ સેફટી વગેરે વિષયો પર વિદ્યાર્થીઓએ ચિત્રો બનાવ્યા હતા. દરેક ધોરણમાથી પાંચ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ઉપરાંત શાળાના ધો-૨ના વિદ્યાર્થીઓને સૅક્ટર-૧૫ ખાતે કાર્યરત સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા સંકુલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

# શ્રી જે એમ ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલયને ખેલ મહાકુંભમાં જિલ્લાની પ્રથમ શ્રેષ્ઠ શાળાનો પુરસ્કાર



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સૅક્ટર-૭ના ખેલ મહાકુંભ-૨૦૧૬માં જિલ્લાની પ્રથમ શ્રેષ્ઠ શાળા જાહેર કરવામાં આવી છે.

ગુરુવારે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે શાળાને આ સિદ્ધિ સાથે રૂા. ૧,૫૦,૦૦૦નો રોકડ પુરસ્કાર ગોધરા મુકામે એનાયત ક રવામાં આવ્યો હતો.

શાળાની ખેલાડી બહેનોએ શાળાનું અને જિલ્લાનું ગૌરવ વધાર્યુ તે બદલ શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી, હેતલબેન દેસાઈ તથા શાળા પરિવારે આ ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# રસ્સાખેચમાં બાલવા ઝળક્યું



ખેલ મહાકુંભ-૨૦૧૬ અંતર્ગત રાજ્યકક્ષાની રસ્સાખેચની સ્પર્ધા માંડવા (ભરુચ) ખાતે યોજાઇ ગઇ જેમાં બાલવાના સિનિયર સિટીઝન ભાઈઓએ ભાગ લઈ રાજ્યકક્ષાએ તૃતિય નંબર પ્રાપ્ત કર્યો. રાજ્યકક્ષાએ નંબર પ્રાપ્ત કરી મેડલ મેળવી ગાંધીનગર જિલ્લાનું તેમજ બાલવા ગામનું ગૌરવ વધારેલ તેમને માર્ગદર્શન આપનાર શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવાના વ્યાયામ શિક્ષક શ્રી શૈલેષકુમાર કે પટેલ ને શાળાના આચાર્યશ્રી મહેશકુમાર એસ. બારોટ તેમજ ટ્રસ્ટી મંડળ અને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.



માનસિક વિશિષ્ય વ્યક્તિ દિવસ નિમિત્તે હેત ફાઉન્ડેશન દ્વારા વિશિષ્ટ બાળકોને સૅક્ટર-૨૮ના બગીચાની સૈર કરાવવામાં આવી હતી, જ્યાં બાળકોએ પોતાની કાલીઘેલી ભાષામાં નૃત્ય અને ગીતો રજૂ કર્યાં હતાં. ગાંધીનગરના બે યુવા કલાકારો અર્પિત અને નસરુદ્દીને મધુરાં ગીતો પ્રસ્તુત કરીને આ બાળકોને મોજમાં લાવી દીધાં હતાં. અહીં બાળકોએ વિવિધ રાઈડ્સની મજા પણ માણી હતી. બાળકોને યુનાઈટેડ ચૅરીટેબલ ટ્રસ્ટ, સૅક્ટર-૭ ખાતે ખિચડીનું ભોજન કરાવવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

નેક લોગોં કી સંગત સે
હમેશ ભલાઈ મિલતી હૈ
ક્યુંકિ
હવા જબ ફૂલોં સે ગુજરતી હૈ
તો વો ભી
ખુશ્બુદાર બન જાતી હૈ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બેફિકરે
૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
૩૦ મિનટ્સ
૧૨.૦૦, ૫.૦૦
ડિયર જિંદગી
૨.૧૫, ૯.૩૦
મિશન મમ્મી
૭.૧૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
કહાની-૨
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ડિયર જિંદગી
૬.૪૫

# ૧૧મીએ પ્રવીણ ગઢવીના બે વાર્તાસંગ્રહોનું વિમોચન કરાશે

ગાંધીનગર, તા. ૯
ગાંધીનગરના જાણીતા દલિત સાહિત્યકાર અને ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રવીણ ગઢવી (ગાંધીનગર)ના બે દલિત વાર્તાસંગ્રહો ‘છદ્મરૂપ’ અને ‘આભડછેટના ઓછાયા’નો વિમોચન સમારોહ જ્ઞાનપીઠ વિજેતા મૂર્ધન્ય સાહિત્યકાર રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને તારીખ ૧૧ ડિસેમ્બર, રવિવારના રોજ સાંજે પાંચ કલાકે ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ. આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યો છે. આ પ્રસંગે ચંદુ મહેરિયા, ડૉ. રતિલાલ રોહિત અને ડૉ. રાજેશ મકવાણા પોતાનાં વક્તવ્યો રજૂ કરશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા દલિત સાહિત્ય અકાદમી તરફથી સૌ સાહિત્યરસિકો, ભાવકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# લોકોની મહાનતાને કારણે જ રાષ્ટ્ર મહાન કે સારું બને છે




કૃષ્ણે અનાસકત યોગ શિખવ્યો છે. તેમાં તેમણે સૌ ઉપર પ્રેમ રાખી સત્યનિષ્ઠા, નિષ્કામ કર્મયોગ અને ભૂતદયા રાખવાનું કહેલ છે. હાલના તબક્કે ભારતીય માનસની ગુણવત્તા વિશ્વમાં શ્રેષ્ઠ પ્રકારની છે પણ તેમાં સાહસ અને પ્રેરણા ખૂટે છે જે સુરાષ્ટ્રના નિર્માણ માટે બાધારૂપ છે. ડૉ.એ.પી.જે અબ્દુલ કલામે કિધું છે કે: ‘ સામાજિક કે રાજકીય – બધી જ વ્યવસ્થાનો આધાર લોકોની ભલમનસાઈ પર છે...લોકોની મહાનતાને કારણે જ રાષ્ટ્ર મહાન કે સારું બને છે.’ સુરાષ્ટ્રના નિર્માણ માટે ભગવદગીતામાં રાજકારણને જૌિદ્દૈજી- ધર્મમય કરવાની, નીતિમય કરવાની ઊંચી કલ્પના મૂકી છે. તેનાથી સત્યનિષ્ઠા, નીતિ- નિયમોનો આગ્રહ, ધર્મપરાયણતા, મર્યાદાને કારણે માનસિક વિકાસ થશે અને તેથી સાહસનો ગુણ તો વિકસશે સાથે સાથે વિપરીત પરિસ્થિતિમાં પણ ખંતથી કાર્યરત રહેવાનું શિખવાડે છે. આ સંસારમાં જીવન કેમ ગાળવું તે ભગવદગીતા શીખવે છે. ઊંચ કે નીંચ જેવો વર્ણભેદ ભગવદગીતામાં નથી. કૃષ્ણએ એક જાદુગર છે. અને ભગવદગીતાએ ‘સ્વ’ ની ‘ સર્વ ’ની ફિલસૂફી છે.



ભગવદગીતામાંનાં કેટલાક પાત્રો જોઈએ...

જ્યારે બુધ્ધિ પર વિવેકનો પહેરો ન હોય ત્યારે દુર્યોધન પેદા થાય... આજે આ વિશ્વમાં ઘણા દુર્યોધનો છે તેમની પાસે બુધ્ધિ છે પણ તે બુધ્ધિનો ઉપયોગ વિવેક્પૂર્ણ કરવામાં નથી આવતો જેના પરિણામે આજે રાષ્ટ્ર સંકટોથી ઘેરાયેલું છે.

શકુનિ, મગજથી એકદમ હોશીયાર પણ સત્વગુણનું નામ નહીં.. રાષ્ટ્રનિર્માણ માટે દૈવીસંપત્તિ પણ હોવી જરૂરી છે.

ધૃતરાષ્ટ્ર – મોહમાં અંધ બનેલ માણસોનો પ્રતિનિધી.

અર્જૂન -અર્જૂન દ્વારા મહાભારતના ઈન્કારને જરા વિનોબાની દ્રષ્ટિથી જોઈએ. આચાર્ય વિનોબાના મતે જ્યારે અર્જૂન કહી રહ્યો છે કે તે યુદ્ધ કરવા ઈચ્છતો નથી. ત્યારે તે અહિંસા કરતાં સ્વજનો પ્રત્યે આસક્ત છે અને તેના કારણે યુદ્ધ લડવાનો ઈન્કાર કરી રહ્યો છે. વિનોબા કહે છે કે જે આપણે કરવા ઈચ્છતા નથી, તેને આપણે સિદ્ધાંતોના ખૂબ સરસ આવરણથી ઢાંકી દઈએ છીએ.

ભગવદગીતાના બીજા અધ્યાયમાં કૃષ્ણે યોગેશ્વર હોવા છતાં તેમના જીવનની સહજતા બતાવી છે તે સુદામાને દોડીને ભેટી શકે છે અને વિદુરની ભાજી પ્રેમથી આરોગી શકે છે. ગોપીઓ સાથે નાચી શકે છે તો કુબ્જાનો સ્વિકાર પણ કરી શકે છે. અર્જુનના સારથિ બની શકે છે અને ઘોડાઓના ઘા સાફ કરી જાણે છે. સુરાષ્ટ્રના નિર્માણ માટે આ જરૂરી છે. કૃષ્ણમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો ત્રિવેણી સંગમ હતો તેથી જ તે તેમનો સ્વધર્મ ઓળખી શક્યા. તે સમયે રાષ્ટ્રમાં રહેતી દરેક વ્યકિત પોતાનો સ્વધર્મ સમજતી હતી.

ભગવદગીતા એક એ એવો ગ્રંથ છે, કે તમે એને જે દ્રષ્ટિકોણથી એને જોવા માંગો, એ દ્રષ્ટિકોણથી તમે જોઈ શકો અને સંતોષ આપે એવો ગ્રંથ છે. જયારે પણ કોઈ ધર્મગ્રંથનું મુલ્યાંકન કરવા બેસો ત્યારે ખાલી એટલું જોવાનું નથી કે એણે કેટલા લોકોને મોક્ષ અપાવ્યો? પણ એ ધર્મગ્રંથની અસર રાષ્ટ્રીય પ્રવાહ ઉપર કેવી પડી? એનાથી રાષ્ટ્ર મજબુત, શક્તિશાળી બન્યું કે નહીં ? પ્રજામાં એક થઈ કે નહીં? પ્રજા સુખી છે કે દુ:ખી? પ્રજા શક્તિશાળી બની કે હજી પણ નપુસંક છે? એ ઍંગલથી જોવાનું છે. રાષ્ટ્રીય સંદર્ભમાં આપણે ભગવદગીતાને જોઈએ તો તે રાષ્ટ્ર ઉપર આવેલી આપત્તિ અને તેની સામે ઝઝૂમવાની પ્રેરણા આપી અને તે આપત્તિને દુર કરવાનું શિખવે છે. એટલે ભગવદગીતા એ રાષ્ટ્રીય ગ્રંથ પણ છે. આપણા રાષ્ટ્રીય પુરુષોએ એમાંથી પર્યાપ્ત પ્રેરણા લીધેલી છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન શબ્દોમાં વાત કરીએ તો :‘જ્યારે હું ભગવદગીતા વાંચું છું અને ઈશ્વરે કઈ રીતે આ વિશ્વનું સર્જન કર્યુ તે વિશે ચિંતન કરું છું ત્યારે મને બીજું બધું નિરર્થક અને છીછરું જણાય છે.’

મહાત્મા ગાંધીએ કીધું કે: ‘જયારે શંકાઓ મને ઘેરી વળે છે, જયારે હું નિરાશાઓની ગર્તામાં ધકેલાઈ જાઉં છું અને જયારે દૂર ક્ષિતિજે જયારે મને આશાનું એક પણ કિરણ નજરે ચડતું નથી તેવે સમયે હું ભગવદગીતાનો આશરો લઉં છું અને મને તેનાથી શાતા મળે છે, આરામ મળે છે અને એ દુ:ખો ભરી પરિસ્થિતિમાંપણ મારા મુખપર સ્મિત છવાઈ જાય છે. જેઓ ભગવદગીતાનું મનન કરે છે તેમને રોજેરોજ તેમાંથી કંઈક નવો અર્થ, નવો તાજો આનંદમળેછે. જીવનમાં ડગલેને પગલે આવેલી મુસીબતોનો ઉકેલ તેમને ભગવદગીતામાંથી મળે છે.’

મહાભારત ભારતની આજની પરિસ્થિતિમાં કેટલું પ્રાસંગિક છે, તે શોધવાનો અને ચર્ચા કરવાનો હિંમતભર્યો પ્રયાસ કરવાનો અત્યારે વખતે છે. મહાભારતથી ભાગવામાં આવશે, તો જીવનનો આધાર ધર્મ ક્યારેય સંસ્થાપિત થઈ શકશે નહીં.ધર્મની સ્થાપના માટે શ્રીકૃષ્ણ જો જીવનો વધ કરવો પડે, તો તેના માટે પણ તૈયાર છે. કારણ કે ધર્મ જ જીવનનેધારણકરેછે.

આપણે ભગવતગીતાને આત્મસાત કરીશું તો જ સુરાષ્ટ્રનું નિર્માણ શક્ય બનશે.

(આજે ગીતા જયંતિ છે)